ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૧૧-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### વડાપ્રધાનની 'લૂક ઇસ્ટ વિદેશનીતિ'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉની યુપીએ સરકારની 'લૂક ઇસ્ટ' વિદેશનીતિને વધુ મજબૂતાઇપૂર્વક અમલમાં મૂકી છે, જેના પ્રથમ ચરણ તરીકે એમણે મ્યાંમારની રાજધાની ખાતે આયોજિત આસિયાન રાષ્ટ્રોની શિખર પરિષદમાં સદેહે ઉપસ્થિત રહી પોતાની સરકાર પૂર્વના દેશોને અને દક્ષિણ એશિયાનાં રાષ્ટ્રોને કેટલું મહત્વ આપવા માગે છે, તે દર્શાવી દીધું છે. નરેન્દ્ર મોદી માત્ર કોરા રાજકારણી નથી, એ દ્રષ્ટા છે. એમણે વિશ્વમાં ભારતને સૌથી મહિમાવંતા રાષ્ટ્ર તરીકે સ્થાપવાના સંકલ્પ સાથે નવી સરકારનું સુકાન સંભાળ્યું છે. એટલે એક તરફ દેશનાં વિવિધ રાજયોમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો ફરકાવવા સાથે દુનિયામાં ભારતનો ડંકો વગાડી દેવાના ગણતરીપૂર્વકના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે. મોદી એકદમ ડાઉન-ટુ-અર્થ લોકનેતા તરીકે દેશની પ્રજાને સંમોહિત કરી શક્યા હતા. એ જ રીતે વડાપ્રધાન સંભાળતાવેંત તદ્દન નાનકડા પાડોશી દેશ ભુતાન અને પછી નેપાળની મુલાકાત લઇ એમણે એક મુદ્દો સ્પષ્ટ કરી દીધો છે કે ભારતની વિદેશનીતિમાં પાડોશી દેશો સાથેના સંબંધો અગ્રતાક્રમે રહેશે. જાપાન અને ચીનના વડાઓને આંજી નાખનાર ભારતીય વડાપ્રધાને અમેરિકામાં જઇને મેડિસન સ્કવેર પર જે ભવ્ય શક્તિપ્રદર્શન યોજ્યું તે કદાચ ભાગ્યે જ દુનિયાના અન્ય કોઇ રાષ્ટ્રનો નેતા યોજી શકશે. વિશ્વવિજય કે દિગ્વિજયની આ યાત્રામાં મોદીએ દસ દિવસની લાંબી પૂર્વનાં રાષ્ટ્રોની યાત્રા મ્યાંમારથી આરંભી છે. એમણે એમની હિંદીમાં જ કરેલી સ્પીચમાં પણ આ વાત સ્પષ્ટ કરી છે. મ્યાંમાર એ ભારતનું પૂર્વ તરફનું પ્રવેશદ્વાર છે. મૂળે તો એ વિશાળ ભારતના જ અંગભૂત એકમ તરીકે 'બ્રહ્મદેશ' તરીકે ઓળખાતું હતું. મ્યાંમારનું સૌથી મોટું નગર રંગીન હવે યાંગુન નામે ઓળખાય છે, જયાં ગુજરાતી વેપારીઓની બોલબાલા છે. બ્રિટીશ રાજ દરમિયાન રંગીન અને માંડવે જેવાં મ્યાંમારનાં નગરોની જેલોમાં સ્વાતંત્ર્ય ચળવળના લડવૈયાઓએ વરસો સુધી કારાવાસ ભોગવેલો છે. મ્યાંમાર ભારતનું પાડોશું રાષ્ટ્ર હોવા છતાં ભારત સાથે વરસે દહાડે ફક્ત બે અબજ જેટલો નાનો વેપાર કરે છે. મોદી એ વ્યાપારિક સંબંધો વધુ વ્યાપક બનાવવવા માગે છે. ચીન તરફ ઢળી ગયેલા ભારતના આ સરહદી દેશને ભારત તરફ વાળવાની વડાપ્રધાનની ચેષ્ટાની આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવાશે. ૧૯૬૭થી આરંભાયેલ દક્ષિણ એશિયાનાં રાષ્ટ્રોના સંગઠનમાં અત્યારે દસ દેશોનો સમાવેશ થાય છે. મોદીએ એક પછી એક આ તમામ દેશોના વડાઓ સાથે મુલાકાતો યોજીને ભારત જેવી વિશ્વની સૌથી મોટી લોકશાહી એમને મહત્ત્વ આપવા માગે છે અને સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ વાણિજ્યલક્ષી સંબંધો વિસ્તારવા ઇચ્છે છે એવો સંદેશ પાઠવી દીધો છે. થાઇલેન્ડ છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતીય પ્રવાસીઓનું મનગમતું પ્રવાસનધામ બની રહેલ છે. ઇન્ડોનેશિયા દુનિયાની સૌથી મોટી મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ છે, જે એના મૂળ ભારતીય ગોત્રને ગૌરવપૂર્વક યાદ કરે છે. સિંગાપુર એક નગરરાજય હોવા છતાં વિશ્વનાં સૌથી સમૃદ્ધ રાષ્ટ્રો પૈકીનું એક છે. આ તમામ આસિયાન રાષ્ટ્રોના પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કર્યા પછી મોદી ઓસ્ટ્રેલિયા જઇ ત્યાં પાંચ દિવસ રોકાવાના છે. ફિજી જેવા નાનકડા ટાપુની મુલાકાત લઇ મોદી ભારતીય મૂળના લોકોએ દુનિયામાં જયાં જયાં લઘુભારત વસાવ્યું છે, એનાં ઓવારણાં લેશે. આપણે વડાપ્રધાનની આ વિજયયાત્રાને શુભેચ્છા પાઠવીએ.



### નેશનલકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

૨૭મી નેશનલ જીત ક્વોન-ડો સ્પર્ધા કોબા પ્રક્ષા વિશ્વભારતી ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં પી.કે. ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ તૃષા પુરાણી, કિંજરી બ્રહ્મભટ્ટ અને યશ્વી ભગોરાએ ગોલ્ડમેડલ મેળવ્યો છે. ત્રણેય વિદ્યાર્થીનીઓ આગામી સમયમાં ઈન્ટરનેશનલ લેવલે ભાગ લેવા જશે. કોલેજનુ ગૌરવ વધારવા બદલ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## સાહિત્યસભાના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવ્યું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૬ નવેમ્બરના રોજ રવિવારે સેક્ટર-૨૩ સ્થિત ખિમજી વિસરામ હોલ ખાતે યોજાશે. ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ સાહિત્યસભાના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. અર્ક વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહેવા ઈચ્છુક સભ્યોને પ્રવેશપાસ ગાંધીનગર સમાચાર ઓફિસ ખાતેથી મેળવી લેવાના રહેશે.

## હરિની દૃષ્ટિ...




આ વખતે તમે કહ્યું હતું કે 'જરા હટકે' એવી ડ્રેસની ડીઝાઈન બનાવવી... તો આ વખતે ટોપને ફૂલ સ્લીવ અને પાયજામો સ્લીવ લેસ કર્યો છે... !!

## વનશ્રી ટ્રસ્ટે ઈકો કલબ સેમિનાર યોજયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની વનશ્રી ટ્રસ્ટ દ્વારા સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં ઈકો કલબ સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં શાળાના વિદ્યાર્થીઓને સ્વચ્છતાના સોગંધ લેવડાવવામાં આવ્યા હતા.

નગરની વનરાજીને અકબંધ રાખવા માટે કાર્ય કરતી નગરની વનશ્રી સંસ્થાએ ભાવિ પેઢીને સ્વચ્છતા વિશે સમજણ આપી હતી. સે-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ શાળામાં ઈકો કલબ દ્વારા સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી અને વન્ય સૃષ્ટિને નુકશાન ન કરવા અને થતું અટકાવવાના સોગંધ લેવડાવાયા હતા. કાર્યક્રમનું આયોજન સરોજબેન ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવત આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## વસાહત મંડળ સે-૩નો સ્નેહમિલન સમારોહ યોજાશે

વસાહત મંડળ સે-૩નો સ્નેહમિલન સમારોહ યોજાશે. ૧૬ નવેમ્બર રવિવારે સવારે ૯.૩૦ વાગે યોજવામાં આવનાર છે. સમારોહમાં પ્રિતી ભોજન સાથે લેવામાં આવશે. ભોજન પાસ ૧૪ નવેમ્બર દરમિયાન સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ અને સાંજે ૫ થી ૬.૩૦ દરમિયાન સાંઈબાબા મંદિર સે-૩-ડી ખાતેથી મેળવી લેવાના રહેશે. તેમજ સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ દ્વારા વાંચનાલયનો શુભારંભ કરાશે.

## ધોરણ ૧૦માં ૨૦,૬૫૬ પરીક્ષા ફોર્મ ભરાયા

# બોર્ડ પરીક્ષાનાં ઓનલાઈન ફોર્મ ભરવા અંગે બાયસેગ

### બોર્ડ પરીક્ષાના ફોર્મ ફરજિયાતપણે ઓનલાઇન ભરવાનું નક્કી કરાયા બાદ માર્ગદર્શન આપવા વિશેષ આયોજન

અમદાવાદ, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવાનાર ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનાં ઓનલાઈન ફોર્મ ભરવાનો પ્રારંભ થઈ ચુક્યો છે. દરમિયાન ચાલુ વર્ષે બોર્ડની પરીક્ષાનાં ફોર્મ ફરજીયાત પણે ઓનલાઈન ભરવાનું નક્કી કરાયું છે. ત્યારે ઓનલાઈન ફોર્મ ભરવા માટે શાળાના શિક્ષકો અને વહીવટી કર્મચારીઓને માર્ગદર્શન આપવા માટે આવતીકાલે શિક્ષણ બોર્ડ દ્વારા તાલીમ કાર્યક્રમ યોજવામાં આવશે.

માર્ચ-૨૦૧૫માં લેવાનાર બોર્ડની પરીક્ષાના ફોર્મ ફરજીયાત ઓનલાઈન નક્કી કરાયું હોવાથી અનેક શાળાઓએ સમસ્યાનો સામનો કરવો પડતો હોવાની વિગતો બહાર આવી છે ત્યારે શાળાઓને આ ઓનલાઈન ફોર્મ ભરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે બાયસેગ પદ્ધતિ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ માર્ગદર્શન કાર્યક્રમ ફરજીયાત પણે નિહાળવા માટે દરેક શાળાના આચાર્યો, શિક્ષકો અને કલાર્કોને સુચના આપી દેવામાં આવી છે. દરમિયાન તાલીમ કાર્યક્રમ યોજાય તે પહેલા જ સોમવારથી શરૂ થયેલ ફોર્મ ભરવાની અંતર્ગત બે દિવસમાં અત્યાર સુધી રાજ્યભરમાંથી ૭૪૩ શાળાઓ દ્વારા કુલ ૨૦,૬૫૬ પરીક્ષા ફોર્મ ભરવામાં આવ્યા છે. જેમાંથી ૧૭.૮૮૭ પરીક્ષા ફોર્મ તો છેલ્લા ૨૪ કલાક જેટલા સમયમાં ભરાયા છે. બીજી બાજુ મોટાભાગની શાળાઓ દ્વારા ફોર્મ ભરવામાં મુંઝવણના લીધે બોર્ડ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજાય તે બાદ જ ફોર્મ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેકનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા ગત વર્ષથી બોર્ડની પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરવાની પદ્ધતિ અમલી બનાવાઈ છે. જેમાં પોતાની શાળાના તમામ બાળકોના ફોર્મ ભરવાની જવાબદારી શાળાના આચાર્ય અને વહીવટી સ્ટાફની રહેશે જે અંતર્ગત સોમવારથી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે જ્યારે ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનાં ફોર્મ આગામી ૧૫મી નવેમ્બરથી બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ભરી શકાશે.

# કર્મીઓનું ઉપવાસ આંદોલન બીજા દિને પણ યથાવત જારી

### ગુજરાત યુનિવર્સિટીના કર્મચારી આંદોલન મુદ્દે કુલપતિ અને રજિસ્ટારે શિક્ષણ મંત્રી સાથે વિસ્તારપૂર્વક વાત કરી

અમદાવાદ, તા.૧૨

વર્ષોથી પોતાના પડતર રહેલા પ્રશ્નોને મુદ્દે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓનું ઉપવાસ આંદોલન આજે બીજા દિવસે પણ યથાવત રહેવા પામ્યું હતું. ગઈકાલે ઉપવાસ ઉપર ઉતરેલા કર્મચારીઓની પોલીસ દ્વારા અટકાયત કર્યા બાદ મોડી સાંજે છોડી મુકાયા હતા ત્યારે આજે બીજા દિવસે પણ કર્મચારીઓ ફરી ઉપવાસ ઉપર બેસતા તેમની અટકાયત કરાઈ હતી. બીજી તરફ ઉપવાસ આંદોલન વચ્ચે યુનિવર્સિટીનાં કુલપતિ, રજિસ્ટાર અને આંદોલન પર ઉતરેલા કર્મચારીઓના ત્રણ પ્રતિનિધીઓ શિક્ષણ મંત્રીને મળ્યા હતા અને સમગ્ર મુદ્દે રજુઆત તેમજ ચર્ચા કરી હતી. ગુજરાત યુનિવર્સિટીમાં ૧૯૮૨ થી ૨૦૦૧ દરમ્યાન નિયુક્ત થયેલ ૧૬૭ જેટલા વહીવટી કર્મચારીઓ (વર્ગ-૩ અને વર્ગ-૪)ને ગ્રેજ્યુઈટી, પેન્શન, હાયર પે સ્કેલ, ઉચ્ચતર પગાર ધોરણ સહિતના લાભો ન મળ્યા હોવાથી વહીવટી કર્મચારીઓની હાલત કફોડી બનવા પામી છે ત્યારે પોતાની માંગોને લઈ આંદોલન કરી રહેલા કર્મચારીઓનું ઉપવાસ આંદોલન આજે બીજા દિવસે પણ યથાવત રહ્યું હતું ત્યારે બીજી બાજુ યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટાર અને આંદોલન કરી રહેલા કર્મચારીઓના ત્રણ પ્રતિનિધીઓ રાજ્યના શિક્ષણ મંત્રીને મળ્યા હતા. તેમણે સમગ્ર મુદ્દે પોતાનો પણ શિક્ષણ મંત્રી સમક્ષ રજુ કરીને યોગ્ય નિર્ણય કરવા માટે વિનંત કરવામાં આવી હતી. આ મુદ્દે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ એમએન પટેલે જણાવ્યું હતું કે કર્મચારીઓનો પ્રશ્ન ખૂબ જ જુનો છે તેમ છતાં તેને ઉકેલવા માટે સરકાર સાથે વાતાઘાટો ચાલી રહી છે. આ સમગ્ર મુદ્દે ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ અને યુનિવર્સિટી સમક્ષ કર્મચારીઓએ અનેક વખત રજુઆત કરી હોવા છતાં હજી સુધી કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી. જેના પગલે વહીવટી કર્મચારીઓ ગ્રેજ્યુઈટી, પેન્શન સહિતના લાભો આપવાની માંગણી સાથે ગુજરાત યુનિવર્સિટીના ઈન્ફર્મેશન સેન્ટર ખાતે ઉપવાસ આંદોલન કરી રહ્યા છે.

# સ્વામિ વિવેકાનંદ ફ્રેન્ચ કલબનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સ્થિત સ્વામી વિવેકાનંદ ફ્રેન્ચ કલબનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. સમારોહમાં ઉપસ્થિત સભ્યોએ એક બીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

નગરમાં વિદ્યાર્થીઓ માટે કાર્ય કરતી સ્વામિ વિવેકાનંદ ફ્રેન્ચ કલબનો નવા વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. સમારોહની શરૂઆતમાં પ્રમુખે સર્વ સભ્યોને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી પ્રાસંગીક ઉદ્દબોધન કર્યું હતું અને ફ્રેન્ચ કલબના નવા સભ્યોને આવકાર્યા હતા. આ પ્રસંગે કલબના મંત્રી ગુલાબચંદ પટેલે ફ્રેન્ચ કલબના વિકાસ માટેના પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

સ્નેહમિલન સમારોહમાં ગુજરાત સરકારનો આભાર માનવામાં આવ્યો હતો. આઈ.ટી.આઈ. ગાંધીનગરમાં ફ્રેન્ચભાષાના વિકાસ માટે તાલીમવર્ગો શરૂ કરવામાં આવ્યા છે. ઘણા ખરા વિદ્યાર્થીઓને ઉપયોગી નિવડ્યા છે. વિદેશ જનાર વિદ્યાર્થીઓને ઓછી તકલીફ પડે છે. તેના માટે ગુજરાત સરકારનો આભાર માન્યો હતો. સમારોહમાં કારોબારી સભ્યો પી.એચ. ચાવડા, સ્તુતિ પટેલ અને હાર્દિક જાની ઉપસ્થિત રહ્યા હતા.

# અને સુનિતાએ પપ્પાની દારૂની લત છોડાવવા આજીવન કુંવારા રહેવાનો નિર્ણય કર્યો...

**સમાજ ચિંતન**

પોપટલાલ પ્રજાપતિ

કોઇ માને કે ન માને પણ એ સત્ય છે કે અલ્ટ્રા સાઉન્ડ મશીનના આગમન પછી દેશમાં કરોડો દીકરીઓના ગર્ભની કત્લેઆમ થઇ હશે. કોણ જાણે લોકોનો પુત્રપ્રેમ હજુ કેમ ઓછો થતો નહિ હોય? પણ વૃદ્ધાશ્રમોના વડિલોની હાલત જોયા પછી હવે સમાજમાં પરિવર્તન આવતું જાય છે. એક જ દીકરી પછી પણ લોકો હવે બીજા પુત્ર માટે કોઇ અપેક્ષા રાખતા નથી. એક સર્વે અનુસાર હવે તમામ દેશોની સ્ત્રીઓ પુત્ર કરતાં પુત્રી પસંદ કરવા લાગી છે. બદલાતા સમયની આ તાસીર છે. સમય ભલે બદલાયો પણ દીકરીઓની પરિવાર પ્રત્યેની લાગણીમાં હજુ ઓટ આવી નથી. એવી જ એક પ્રેમાળ દીકરી છે કે જેણે પોતાના દાંપત્યજીવનને હોડમાં મૂકી પરિવારને સંકટમાંથી ઉગારી લીધું.

અનિતા ૨૦ વર્ષની યુવતી હતી. સામાન્ય પરિવારની દીકરી, એનો એક ભાઇ જીઆઇડીસીમાં નોકરી કરે પિતા રઘુ કડિયા કામ મજુરીએ જાય પણ તેની પાસે કદી કોઇ અપેક્ષા રાખવાની નહિ, કારણ કે તેને દારૂની લત હતી. નિયમિતપણે દરરોજ દારૂ જોઇએ જ, ન મળે તો આખું ઘર માથે લે. પરિવાર તેનાથી ત્રાસી ગયેલો પણ આ તો રોજનું થયું. કાયમ સહન કરવું પડતું દર્દ પછી ટેવ બની જાય છે. રઘુનો ઘરમાં પ્રવેશ થાય અને માતા થરથર ધ્રૂજવા માંડે... પાંદડાની જેમ... પણ જેના પનારે પડ્યા એની સાથે જીંદગી પુરી કર્યા વિના છૂટકો ન હતો. એક દીકરી અને દીકરો લઇને જવું પણ કયાં? મિલકતમાંથી કંઇ હતું નહિ કે કોર્ટ દ્વારા ભાગ માગી શકાય, અને કોર્ટમાંય ધક્કા સિવાય મેળવવાનું શું? દીકરી માની કરૂણ પરિસ્થિતિથી વાકેફ હતી, તે મનોમન મુંઝાતા કરતી, પોતે એટલું બધું ભણી નહોતી કે કયાંક કલાર્ક જેવી પણ નોકરી મળી શકે. માંડ એસ.એસ.સી. પાસ કરેલી. તેણે પિતાને પ્રેમથી સમજાવવા ઘણાં પ્રયત્ન કરી જોયા. કયારેક પિતાના પગ પકડીને રડી છે. દારૂની લતમાં કુટુંબ બરબાદ થઇ જશે તે સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા. પણ એક વ્યસનીને વ્યસન મુક્ત કરવો તે ઘણું કપરૂં કામ હતું. અનિતા ઉંમર લાયક થતી જતી હતી, પરિવારને એના સગપણની ચિંતા થવા લાગી પણ દારૂડિયા બાપની દીકરીનો હાથ કોણ પકડે? જો કે ધનપતિઓ માટે તો દારૂ મોભાનું પ્રતિક ગણાય છે. તેમની દીકરીઓનાં સંબંધમાં આ દુર્ગુણ આડે આવતો નથી. પણ અનિતાને પોતાના સગપણ કરતાં તેના પરિવારની ચિંતા હતી.

કેટલાક લોકોની જિંદગીમાં એવી ઉધઇ લાગી જાય છે કે તેની ગમે તેટલી ટ્રીટમેન્ટ કરાવો પણ સમયને આંતરે ફરી ફુટી જ નીકળે છે. ઉધઇનું કામ જ ખોતરીને ખતમ કરવાનું હોય છે. અનિતાના પરિવારને પણ જોઇ ઉધઇ લાગી હતી. પડતા પર પાટુ જેવી એક કરૂણ ઘટના બની. સાયકલ પર નોકરી જતા તેના ભાઇને એક ટ્રકે હડફેટે લીધો. ટ્રક તો પુરપાટ દોડી ગઇ પણ ભાઇનો કચ્ચરઘાણ નીકળી ગયો. આ સાથે જાણે અનિતાના અરમાનોનો પણ કચ્ચરઘાણ નીકળી ગયો. અરમાનો કચડાઇ જાય ત્યારે આશાનો ભુક્કો ભોલી જાય છે. મનમાં વિચારોનું વાવાઝોડું ફુંકાય છે... ઘર નભશે કેમ? પિતાને દારૂની લત છુટતી નથી. હવે પરિવારમાં કોઇ કમાનાર રહ્યું નથી. પિતા જયારે ભાનમાં હોય ત્યારે તો દીકરી માટે આભના તારા તોડી લાવવાની વાત કરે. મારી લાડકી દીકરીને ધામધૂમથી પરણાવવી છે. દેવું કરીને પણ પરણાવીશ, જાત ઘસી નાખીશ, રાત દિવસ વૈતરું કરીશ પણ મારી દીકરીને જરાય ઓછું નહી આવવા દઉં. પણ સંધ્યા થાય ને તેનું મગજ ચકરાવે ચડે ગમે ત્યાંથી પોટલીનો બંદોબસ્ત કરી લે અને પછી રાજાપાટમાં આવી જાય.

અનિતા અને તેની મમ્મીને એક ચિંતા થાય આજે રઘુ દારૂ પીને કોણ જાણે કેવો અત્યાચાર કરશે? આથમતો સુરજ એમને માટે આપત્તિનો સંદેશ લઇને આવતો પણ દુઃખના દરિયામાં ફસાયેલાઓ માટે પણ કુદરત એકાદ બારી તો ખુલ્લી રાખે જ છે. અનિતા ભલે ગરીબ હતી પણ સંસ્કારી અને દેખાવડી હતી. સમાજમાં તેની ઉજળી છાપ હતી. સૌ કહેતું આ દીકરી જેના ઘેર જશે તેનું ઘર ઉજાળશે અને એક મધ્યમવર્ગીય પરિવારમાંથી તેના માટે માગુ આવ્યું પણ ખરું. એક યુવાન તેના રૂપ પાછળ આકર્ષાયો અને તેણે સામેથી અનિતા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. અનિતાને પણ તે યુવાન ગમી ગયો. આમેય ગરીબાઇને પસંદગી મર્યાદિત હોય છે. સંપત્તિ વધે પછી જ ગમા-અણગમા અને અપેક્ષાઓ વધવા માંડે છે.

અનિતાનું માગુ આવ્યું આ સમાચાર જાણી તેના મમ્મી-પપ્પા હરખપદુડા થઇ ગયા. રઘુએ કહ્યું જોયું, મારી દીકરી રતન છે રતન... પણ અનિતાના દિલોદિમાગમાં વિચારોનું ઘમાસાણ મચ્યું. ઘરમાં રાતી પાઇ નથી સમાજમાં પિતાની આબરૂં કોડીનીય નથી. મારા લગ્ન થશે કેમ? અને લગ્ન કરીને આ ઘર છોડી હું જતી રહીશ પછી મારા મમ્મીનું શું થશે? દારૂડિયો પિતા એને મારી મારીને હાજપિંજર બનાવી દશે. પણ હજુય પિતા પર અનિતાની ધાક હતી. રઘુને ગમે તેટલો ગુસ્સો ચઢ્યો હોય પણ દીકરી એક છણકો કરે એટલે બાપ ચુપચાપ ખાટલે જઇ લાંબી ખેંચતો. એકેય અક્ષર બોલ્યા વિના... તેના ગયા પછી મમ્મીનું શું થશે? લાંબા મનોમંથન પછી તેણે નિર્ણય જાહેર કર્યો...મારે લગ્ન નથી કરવા... માતાના હૈયે ફાડ પડી.

દીકરી, આવુ ઘર અને વર આપણને મળશે કયાં? પણ અનિતાને પોતાનું ઘર વસાવવા કરતાં મમ્મીનું ઘર સ્મશાન ન થઇ જાય તેની ચિંતા હતી. એણે મક્કમ થઇને પપ્પાને કહી દીધું પપ્પા, જયાં સુધી તમે દારૂની લત નહીં છોડો ત્યાં સુધી હું આ ઘર છોડીને જવાની નથી. ભલે મારે જીંદગીભર કુંવારા રહેવું પડે... મારે માની રખેવાડી કરવી છે, એની પાછલી જીંદગીમાં એનો આધાર બનવું છે. એના માટે તો દીકરો કે દીકરી જે ગણો તે હું જ છું અને તે જ ક્ષણે તેણે આકરો નિર્ણય જાહેર કર્યો, જયાં સુધી પપ્પા દારૂની લત નહિ છોડે હું અન્નનો દાણો પેટમાં નાખીશ નહીં. મારે લગ્ન તો નથી જ કરવા... રઘુને દીકરી વહાલી તો હતી જ, પણ સાંજ પડે તેના શરીરની નસો ખેંચાવા લાગી અને મજબુર થઇને તેને પીઠા પર જઇ પોટલીની વ્યવસ્થા કરવી પડતી... પણ અનિતાય હવે મક્કમ બની હતી તે કોઇ કાળે લગ્ન કરવા તૈયાર ન હતી, શરત હતી પિતાની દારૂની લત છોડાવવાની. અને ત્રીજા દિવસે અનિતાની તબિયત બગડી તેને ઉલટીઓ થવા માંડી. તાત્કાલિક ૧૦૮ બોલાવી તેને સીવીલમાં દાખલ કરવી પડી. શરીરમાં હિમોગ્લોબીનની ઊણપ હતી. અશક્તિ ઘણી આવી ગઇ હતી. તેને તાત્કાલિક ગ્લુકોઝના બાટલા ચઢાવવા પડ્યા. માતા હૈયાફાટ રૂદન કરતી હતી. રઘુ રઘવાયો બની દીકરાના પલંગ પાસે ઓશિયાળો બની ઊભો હતો. આજે પ્રથમવાર પત્નીએ ઊંચા સાદે રઘુને ધમકાવ્યો. આ દીકરીની કંઇક તો દયા કરો? તમે તો બાપ છો કે પરભવના વેરી? દીકરી ગુમાવીશું તો જીવતરમાં રહેશે શું? અને દીકરીની હાલત જોઇ રઘુનાથની આંખોમાં ઝળઝળીયા આવી ગયા પણ સાંજ પડી અને ચુપચાપ દવાખાનેથી છટકી છાંટો - પાણી કરી આવ્યો.

બીજા દિવસે ડોકટરે રઘુને પોતાની કેબિનમાં બોલાવ્યો અને કહ્યું, 'તમારી દીકરીનો જાન જોખમમાં છે એના બચવાના ચાન્સ બહુ ઓછા છે.' એને કોઇ ઘેરી ચિંતા અસર કરી ગઇ છે એ ચિંતા દૂર નહી થાય તો તમે દીકરી ખોઇ બેસશો. રઘુને ખબર હતી દીકરીને શેની ચિંતા છે, અને તે જ ક્ષણે તે પોક મૂકીને રડી પડ્યો અને રડતાં રડતાં દીકરીને માથે હાથ મૂકીને બોલ્યો, બેટા, જા આજથી દારૂ છોડ્યો. આજથી દારૂની એક બુંદ પર હરામ છે. બેટી, તારા સોગંધ ખાઇને કહું છું, અને ત્યારે અનિતાની આંખો પણ છલકાઇ ઉઠી તે પપ્પાને ભેટી પડી. પપ્પા, હવે મને કંઇ નહિ થાય.... હું જીવીશ... અને ઘરેડ ઘડપણ તમારી સેવા કરીશ... અને અનિતાની તબિયત સારી થતાં તેને દવાખાનામાંથી રજા મળી, પણ જતા પહેલાં તે ડોકટરને મળી, તેના ચરણ સ્પર્શ કરી બોલી. ડોકટર સાહેબ, તમે મારા પ્લાનમાં સાથ ન આપ્યો હોત તો હું પપ્પાને દારૂ છોડાવી ન શકત. સાહેબ તમારો આભાર. ડોકટરે પણ તેના માથે હાથ મૂકી કહ્યું દીકરી, તારી ભાવના ઉત્તમ હતી એટલે જ મેં તારી ઇચ્છા મુજબ તારા પપ્પાને ખોટું બોલી ગભરાવ્યા. અનિતા હરખાતી બહાર આવી, આજે તેનામાં અજબ પ્રકારના જોમ અને જુસ્સો હતા.

બસ હવે એક બાપે દીકરીને આપેલું વચન પાળ્યું. રઘુએ ત્યારપછી કદી દારૂને હાથ નથી લગાડ્યો. હવે તે ઘરની સ્થિતિ સુધારવા અને દીકરીના લગ્ન ધામધૂમથી કરવાના મનસૂબા સાથે તનતોડ મજૂરી કરવા લાગ્યો એકાદ વરસ બાદ તેના ઘરમાં રંગરોગાન થવા માંડ્યુ. આસોપાલવના તોરણ બંધાયા, શરણાઇના સુર રેલાયા. અનિતાના હરખનો પાર ન હતો. પોતાના લગ્નનો તો ખરો જ સાથે સાથે પિતાને દારૂની લત છોડાવ્યાનો વિશેષ... અનિતાને સારું ઘર અને સારો વરસ મળ્યા. એનો પરિવાર ભલે રાંક હતો પણ સુંદરતા અને સંસ્કારની તેનામાં જરાય ખોટ ન હતી... જયારે દીકરીના વિદાયની ઘડી આવી ત્યારે રઘુ કયાંક સુધી રડતો જ રહ્યો... મારા કાળજાનો કટકો મારાથી વિખુટી પડી ગયો... મારો સહારો ચાલ્યો ગયો... મારી દીકરીએ મારી જીંદગી બદલી નાખી નહિતર આજે હું પાયમાલ થઇ ગયો હોત સાતે જ દીકરીના વહાલપની વ્યાખ્યા થઇ ન શકે. દીકરી એટલે જ વહાલનો દરિયો...